જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦૪ બીયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૪૯/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ સંજયભાઈ યજ્ઞેશભાઈ દવે (ઉ.વ.૬૨)(રહે.ત્રીશલા કુટીર બંગ્લોઝ, સનવીલા બંગ્લો પાસે, ઝાયડસ હોસ્પીટલ રોડ થલતેજ) એ તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ મોબાઇલ નંબર +૯૧૮૯૧૮૮૮૧૩૭૨ પરથી કોઇ અજાણી વ્યક્તિએ સંજયભાઇ દવેના મોબાઇલ ઉપર અદાણી ગેસના નામથી ખોટો ટેક્સ મેસેજ મોકલી, અદાણી ગેસના ખોટા નામ તથા સીમ્બોલ વાળા વોટ્સએપ નંબર +૯૧૬૨૯૦૫૮૨૧૦૭ થી મેસેજ કરી https:// docs. google. com/ forms/d/1ciqJ7 ExedOEy5q6Sa59f3t1Ja53sjoa-CyieumuKows/viewform ની લીંક મોકલી આપી, Adani Gas Bill Update Side. apk ફાઇલ મોકલી, વીડીયો કોલ કરી લીંકના માધ્યમથી સંજયભાઇ દવેના ICICI Bank Credit Card તથા HDFC Bank Credit Card ની વિગતો મેળવી લઈ, વિડીયો કોલ દરમ્યાન સ્કીન શેરીંગ કરી OTP મેળવી લઈ કુલ રૂપિયા ૮,૨૬,૩૮૫/– ટ્રાન્સફર કરી લઇ સંજયભાઇ દવે સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

ચોરીઃ **સમાચાર યાદી નં.૧૩૫૦/૨૦૨૬**

શાહીબાગઃ કાનજીભાઇ રામજીભાઇ આહીર (ઉ.વ.૫૨) (રહે,આઇયા નગર–૪, જુના વાસ, ગામ–માધાપર, તા–ભુજ જીલ્લો– કચ્છ) એ તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ સાંજના ૫/૦૦ થી ૫/૧૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ ઘોડા કેમ્પ રોડ થી સિવીલ હોસ્પીટલ ઈન્ડીયન ઓઇલ પેટ્રોલપંપ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ મુસાફરોએ કાનજીભાઇ આહીરની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિનુજી હરીસિંહ ચલાવે છે.

નિકોલઃ જિગ્નેશભાઈ બાબુભાઈ સોરવડીયા (રહે.ઈન્દ્રપ્રસ્થ સોસાયટી નિકોલ) એ તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી તા.૨૧/૦૯/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ ફાયર સ્ટેશન પાસે આવેલ શ્રીધર કુટીર બંગ્લોઝમાં મકાન નં.૧૫ તથા ૧૬ ખાતે થી લોખંડની ૮૫ પ્લેટો કિંમત રૂપિયા ૬૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

ઓઢવઃ સંદીપભાઇ જયંતીભાઇ ચૌધરી (રહે.રોયલ વૈભવ હોમ્સ બાલાજી કુટીર સામે અડાલજ ગાંધીનગર) એ તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓઢવ સોનીની ચાલી તેજેન્દ્ર એસ્ટેટ શેડ નં.૧૩૨ ખાતે "જીનેટીક એન્ટર પ્રાઇઝ" ખાતે આવેલ સંદીપભાઇ ચૌધરીની કંપનીમાં કારીગર તરીકે નોકરી કરતા કામરાનબેગ ઉશ્માનબેગ મિર્ઝા (રહે.વૃંદાવન ચાર માળીયા પોસ્ટ ઓફીસ સામે રખિયાલ) તા.૩૧/૦૮/૨૦૨૬ થી તા.૨૩/૦૯/૨૦૨૬ દરમ્યાન કારખાનામાંથી લોખંડના નટ–બોલ્ટ તથા સ્ટડ આશરે કિંમત રૂપિયા ૪,૨૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

આત્મહત્યાઃ **સમાચાર યાદી નં.૧૩૫૧/૨૦૨૬**

ચાંદખેડાઃ જૈમિન સ/ઓ નટુભાઇ સથવારા (ઉ.વ.૨૫)(રહે. દિવાળી હોમ્સ, બંસીવિલા પાસે, હિરાધન ચાર રસ્તા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૬ રાતના ૦૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

વેજલપુરઃ. વેજલપુર બકેરી સિટી સમ્યક એપાર્ટમેંટ ખાતે રહેતા મેબી ડો/ઓ ચોકમે નુગબા (ઉ.વ.૨૬)(મુળ વતન. અરુણાચલ પ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.બાબી ચલાવે છે.

બાપુનગરઃ અંકુદેવી વા/ઓ સૌરભભાઇ ચૌધરી (ઉ.વ.૨૮)(રહે.નવી ફકીરદાસની ચાલી, ભીડભંજન રોડ, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ સવાર ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૯/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગે અંકુદેવી ચૌધરીનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.ખેર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી